81549 30063 | Time : 9.00 am to 1.00 pm & 4.00 pm to 8.00 pm

150 YEARS OF CELEBRATING THE MAHATMA
ખાદી ગ્રામોદ્યોગ કમીશન અમદાવાદ દ્વારા આયોજીત
Khadi India
ખાદી તથા ગ્રામોદ્યોગ નું ભવ્ય પ્રદર્શન અને વેચાણ
પ્રદર્શનમાં ખાદીના હાથવણાટથી બનેલા કાપડ અને તૈયાર વસ્ત્રો ઉપર ખાસ સરકારી વળતરનો લાભ મેળવો.
૧૦% થી ૨૫%સુધી વળતરનો લાભ મેળવો
ખાદી વસ્ત્રોનો વધારેમાં વધારે ઉપયોગ કરી હાથ વણાટ કરતા ભાઇ-બહેનો ને રોજી આપવામાં અમને સાથ સહકાર આપશો.
ખાદીનું દરેક પ્રકારનું કાપડ, તૈયાર શર્ટ, ઝભ્ભા, લેંઘા, સદરા, અને આયુર્વેદીક દવાઓ, અથાણા, પાપડ, સાબુ, બુટ, ચંપલ, તથા અનેક પ્રકારની હાથ બનાવટની વસ્તુઓ મળશે.
સ્થળ : હોસ્ટેલ ગ્રાઉન્ડ, પાંચબત્તી, ભરૂચ.
તા.10-3-19 થી 24-3-19 • સમય : બપોરે 12 થી રાત્રે 10 કલાક

બહેરાશના સર્વશ્રેષ્ઠ મશીનો
100% અદ્રશ્ય મશીન
વર્લ્ડવાઈડ ૪ વર્ષની વોરંટી
હાલની લેટેસ્ટ ટેકનોલોજી
મેડ ઈન યુ.એસ.એ.
અન્ય કોઈપણ બ્રાન્ડના હીયરીંગ એઈડ પર ભારતની સર્વશ્રેષ્ઠ કીંમતની ચેલેન્જ તો ખરી જ
સરકારી કર્મચારી તથા પેન્શનરો માટે રીએમ્બર્સમેન્ટ યોજના ઉપલબ્ધ
બેસ્ટ સર્વિસ, બેસ્ટ ક્વોલીટી, બેસ્ટ પ્રાઈઝ
- ઈન્ટરનેશનલ વર્લ્ડવાઈડ વોરંટી
- લેટેસ્ટ ટેક્નોલોજીના ઓટોમેટીક હીયરીંગ એઈડ
- ટીવી-મોબાઈલના અવાજ પણ સરળતાથી સાંભળી શકશો
- રીચાર્જેબલ હીયરીંગ એઈડ
- જુના મશીન પર એક્ષચેન્જ ઓફર ઉપલબ્ધ
Softone An Advance Audiology Speech & Hearing Clinics Pvt. Ltd.
(એપોઈન્ટમેન્ટ લઈને રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.)
વલસાડ, નવસારી, બારડોલી, ભરૂચ અને બરોડામાં પણ બ્રાન્ચ ઉપલબ્ધ છે.
સુરત: એફ-૧૮/૧૯, પેરીસ પ્લાઝા, પહેલો માળ, ટોરેન્ટ પાવરની બાજુમાં, રીલીફ રેસ્ટોરન્ટની સામે, સીનેમા રોડ, દીલ્હી ગેટ. સુરત: મો. 75670 00800
અડાજણ: યુજી-૬૦, એસ્કોન પ્લાઝા, ભુલકાભવન સ્કુલની પાછળ, શ્રીજી આર્કેડની બાજુમાં, આનંદમહલ રોડ, અડાજણ. મો. 75670 08000, 90999 05270

PODAR WORLD SCHOOL
EYFS
Uk's Pre-School Curriculum
3D Teaching Technology
Innovative Learning with Tablets
- Motion based Gesture Controlled Learning
- Ranked #1 Pre-School
- Learning through AR / VR
- Gamification of Learning
- 92 Years of Experience
- International Student Debates through Video Conferencing
- CCTV Security Surveillance
- RFID with SMS Alert for Parents
ADMISSIONS OPEN
Playgroup to Class VIII
Near Rajpipla Cross Road, Behind Varsha Hotel, NH-8
Ankleshwar - 7201048000

નવા રંગરૂપ અને વોટર પાર્ક સાથે
મોદી રીસોર્ટસ & એમ્યુઝમેન્ટ પાર્ક (ગુજ.) પ્રા. લિ.
ઉભરાટ બીચ - નવસારી
www.modiresorts.com
સ્કુલ, ગૃપ પ્રવાસ તથા લગ્નપ્રસંગ માટે ઉત્તમ રીસોર્ટસ
Ph.: 99250 08830
97272 56004

GLOBAL INSTITUTE OF DIGITAL ARTS

ADMISSION OPEN

યુવા પેઢી માટે પ્રોફેશનલ કેરીયર બનાવવા માટેની ઉત્તમ તક...

માત્ર 3 મહિનામાં શીખો
પ્રોફેશનલ એનિમેશન અને
મેળવો ખાત્રી પૂર્વક નોકરી...
સાથે સાથે એનિમેટ કરો
ટી.વી શો ના કેરેક્ટરો

કોર્ષ ફી ઓફર

~~રૂા. 3,૫૦,૦૦૦/-~~

માત્ર રૂા. ૧,૦૦,૦૦૦/-

પ્રારંભિક પગાર :
૮,૦૦૦/- પ્રતિ માસ

Leval	Animator
Junior Level	8,000/-
Mid Level	1,00,000/- to 2,00,000/-
Senior Level	3,50,000/- to 5,00,000/-

બહાર ગામથી આવનાર વિદ્યાર્થીઓ માટે રહેવાની અને જમવાની સુવિધા ઉપલબ્ધ કરી આપવામાં આવશે.

301, Avalon The Business Hub, Opp. Patidar Sama Bhavan, Katargam, Surat-395004. Gujarat (India)
Contact : +91 701 681 3898 info@gidaweb.com www.gidaweb.com

education &career expo 2019

Where ambition meets opportunity



DATE :- 11th & 12 th MAY 2019
TIME :- 11 AM TO 8 PM
VENUE :- SCIENCE CENTRE,CITY LIGHT ROAD , SURAT
FOR MORE INQUIRY : 7990624255 , 8849329844 , 9638437797 , 8866833000

CONCEPTUALIZED BY: aura ACADEMY ISO 9001 : 2008 OPEN MINDS, CREATING FUTURE

COMMUNITY PARTNER: Young Istaan B.O.R.N.T.O.L.E.A.D

education &career expo 2019

100 + Career Option Available
On Spot Counselling



Meet & Connect With Different Institute

Date :- 11th & 12th May 2019
Time :- 11 Am To 8 Pm

Venue :- Science Centre , City Light Road , Surat.
For More Inquiry : 7990624255 , 8849329844 , 9638437797 , 8866833000

Aapka Holidays Limited

Package cost
20 ,999 PP
(Landpackage)

6 Nights
7 Days

1N BANGALORE / 2N COORG / 1N MYSORE / 2N OOTY



Day 1: Pickup from arrival. Transfer to a hotel, after lunch visit Lalbagh, Vidana Soudha, Museum and ISKON temple. Overnight stay @ Bangalore.
Day 2:Pick up from the arrival and proceed to Coorg. Enroute visit Tibetian Golden Temple, NisargaDhama. On arrival check in to a hotel. Evening visit Raja's Seat. Overnight stay @ Coorg.
Day 3:After breakfast Proceed to Talacaveri, Bhagamandala, Omkareshwara Temple and Abby Falls. Overnight stay @ Coorg.
Day 4:After Breakfast Check out and proceed to Mysore. Check into the Hotel on arrival. Later visit Chamundi Hills, bull Temple, Maharaja Palace. Evening proceed to Brindavan Gardens. Overnight stay @ Mysore
Day 5:After breakfast checkout and proceed to Ooty, on arrival in Ooty checking to a hotel. After lunch visit Ooty lake & Botanical Gardens. Overnight stay @ Ooty
Day 6:After breakfast Proceed to Coonoor. Coonoor Sight seeing(Sims Park, Lams Rock, Dolphin Nose, Tea Garden and Tea Factory) and Doddabetta. Overnight stay @ Ooty
Day 7:After breakfast checkout and proceed to Bangalore or Mysore to board your train or flight.

Contact - 9099012983 / 8469350983

Head office - 24" 25,Shree rang multiplex, INOX, zadeshwar road , Bharuch
Branch office - 1st floor , Highfield Ascot , VIP road , Vesu ,Surat
Email - sales@aapkaholidays .in www.aapkaholidays.in

તથાસ્તુઃ ચેરીટેબલ ટ્રસ્ટ

સંચાલિત

મિશન હેલ્થી ઈન્ડિયા

Reg.No. :F/2336/SURAT An ISO : 9001-2015 CERTIFIED

મિશન હેલ્થી ઈન્ડિયા લાવ્યું છે પુરા એક પરિવાર નું રાશન બજાર મૂલ્યથી ઓછા ભાવમાં



નં.	પ્રોડક્ટનું નામ	વજન
૧	ખાંડ	૨ કિલો
૨	ચોખા(બાસમતી)	૧ કિલો
૩	મગ દાળ	૧ કિલો
૪	તુવેળ દાળ	૧ કિલો
૫	ડિટર્જન્ટ પાવડર	૧ કિલો
૬	ઘાણાજીરૂ પાવડર	૨૦૦ ગ્રામ
૭	કપડા ધોવાનો સાબુ	૫ નંગ
૮	વાસણ ઘસવાનો સાબુ	૫૦૦ ગ્રામ (૧ નંગ)
૯	ચા સુપર ક્વોલીટી	૫૦૦ ગ્રામ

એક ડગલુ સમાજના ઉત્થાન તરફ...





એક કીટ ફક્ત ~~૬૫૦/-~~ ૪૫૦/- રૂપિયા માં

આજે જ આપણું મિશન હેલ્થી ઈન્ડિયા રાશન કાર્ડ બનાવો.

તથાસ્તુઃ ચેરીટેબલ ટ્રસ્ટ
ઓલ ગુજરાત પ્રેસીડેન્ટ

તથાસ્તુઃ ચેરીટેબલ ટ્રસ્ટ
ઓલ ગુજરાત વાઈસ પ્રેસીડેન્ટ

ગૌતમભાઈ મો. 93271 28708

ગૌતમ ભારતીય સેવા કેન્દ્ર

કેરટેકર મળશે....

પથારીવશ દર્દીઓની સેવા-સંભાળ માટે તથા બેબી કેર માટે વિશ્વાસુ, અનુભવી આયા-બહેનો તથા ભાઈઓ ઘેર બેઠા મેળવવા માટે મળો.

૯૦-શંકરનગર સોસાયટી, પાલનપુર પાટિયા, ગણેશમંદિર સામે, સોના હોટલ પાસે, રાંદેર રોડ, સુરત.

રૂબરુ મુલાકાત માટે અગાઉથી ફોન કરી મળવું.

લાલગેટની દુકાનમાંથી રોકડા રૂા.૯.૪૧ લાખની ચોરી થઈ

બુરખાધારી વ્યક્તિએ મોટી રકમની ચોરી કરી

સુરત

લાલગેટ-ખાંડ બજાર મેઈન રોડ એક વેપારીની દુકાનમાંથી રોકડા ૯.૪૧ લાખની ચોરી કરી એક બુરખાધારી વ્યક્તિ ફરાર થઈ ગયો હોવાનો બનાવ લાલગેટ પોલીસ મથકે નોંધાતા ચકચાર મચી જવા પામી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર અડાજણ-ગોરાટ રોડ રોયલ હેરીટેજ ફ્લેટ નંબર ૯૦૧માં સાજીદ બાબુભાઈ કાપડીયા રહે છે. તેઓની એક દુકાન લાલગેટ ખાંડ બજાર મેઈન રોડ પર આવેલી છે. ગતરોજ તેમની દુકાનના પાછળના દરવાજા પરથી દુકાનમાં પ્રવેશ કરી કોઈ સાધન વડે ડ્રોઅર ખોલી ખાનામાં મુકેલી ભારતીય દરની ચલણી નોટો રૂા.૯.૪૧ લાખની ચોરી કરી બુરખાધારી ઈસમ ફરાર થઈ ગયો હતો. આ બનાવની જાણ લાલગેટ પોલીસને કરવામાં આવતા ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો ઘટના સ્થળે દોડી ગયા હતા. પોલીસે આઈપીસી ૩૮૦ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ભટાર પંચશીલનગરમાં રહેતી કિશોરી લાપતા

સુરત

ખટોદરા પોલિસના જણાવ્યાં અનુસાર તા.૨૬/૦૩/૨૦૧૯ ના રોજ મૂળ વતન બડ઼ખો રામપુર, તા. બિકાના, જિ.સુલ્તાનપુર, યુ.પી. અને હાલ ૧૯૩, પંચશીલ નગર, ઉધના મગદલ્લા રોડ, ખાતે રહેતા રામચંદ્ર ગૌતમની પુત્રી રાની ગૌતમ ઘરેથી કોઈને કહ્યા વિના ક્યાંક ચાલ્યા ગયા છે. તે શરીરે પાતળા બાંધાના, રંગે શ્યામ વર્ણના અને ઉંચાઈ ૫.૧ છે. તેમણે શરીરે કાળા કલરનો પંજાબી ડ્રેસ પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલિસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

કતારગામની શ્યામાન્ત ડાયમંડ પેઢીનું કરોડો રૂપિયામાં ઉઠમણું

અનેક વેપારીઓ પાસેથી હીરાનો માલ ખરીદી પેઢી બજારમાંથી ઉઠી ગઈ

સુરત

કતારગામ નંદુદોશીની વાડીમાં આવેલી શ્યામાન્તક ડાયમંડ નામની પેઢી કરોડો રૂપિયામાં ઉઠમણું કર્યું હતું. આ અંગે કતારગામ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાઈ હતી.

કતારગામ પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ નાનીવેડ ભગતનગર સોસાયટીમાં રહેતા કમલેશ ગણેશભાઈ કેવડિયાએ આરોપી હિમ્મત કોશિયા, વિજય ગોપાલ કોશિયા (શ્યામાન્તક ડાયમંડ પેઢી કતારગામની ભાગીદાર) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના જણાવ્યા મુજબ આરોપી ભાગીદારે ફરિયાદીની કંપની પાસેથી રૂપિયા ૧ કરોડ ૪૫ હજારનો રફ હીરાનો જથ્થો ખરીધ્યો હતો જેનું પેમેન્ટ ચૂકવવાને બદલે આરોપીઓએ ભાગીદારી પેઢી બંધ કરી દઈ વિશ્વાસઘાત-છેતરપિંડી કરી હતી. આ ડાયમંડ પેઢીએ અનેક વેપારીઓ પાસેથી માલ ખરીદીને પેમેન્ટ ચૂકવ્યું ન હતું.

કતારગામ પોલીસે ફરિયાદના આધારે તપાસ હાથ ધરી છે.

વડાપ્રધાને ૫ વર્ષમાં સૌથી વધારે આદિવાસીઓને નુકસાન પહોંચાડ્યું

કોંગ્રેસ ઉદ્યોગપતિઓની નહીં ગરીબોની પાર્ટી છે,તમને ન્યાય આપીશુઃ રાહુલ ગાંધી

ડુંગરપુર

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ આદિવાસીઓ અને તેનાં અધિકારો મુદે કેન્દ્ર સરકાર પર નિશાન સાધતા મંગળવારે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાનાં પાંચ વર્ષનાં કાર્યકાળમાં સૌથી વધારે નુકસાન આદિવાસીઓનું કર્યું. આ સાથે જ કોંગ્રેસને ગરીબોની પાર્ટી ગણાવતા રાહુલે કહ્યું કે, તેઓ આદિવાસીઓનાં જળ, જંગલ અને જમીનનું રક્ષણ કરશે.

રાહુલે કહ્યું કે, મોદી પાંચ વર્ષથી દેશનાં ૧૫-૨૦ સૌથી અમીર લોકોની સરકાર ચલાવી રહ્યા છે. રાહુલ રાજસ્થાનનાં આદિવાસી બહુમતીવાળા ડૂંગરપુરનાં પ્રસિદ્ધ બેણેશ્વર ધામમાં એક ચૂંટણી સભાને સંબોધિત કરી રહ્યા હતા. તેમણે પોતાનાં ભાષણમાં કોંગ્રેસની સરકાર બનવા અંગે ન્યાય યોજના લાગુ કરવા તથા ૨૨ લાખ યુવાનોને એક વર્ષમાં સરકારી નોકરી આપવાની વાત કરી હતી. તેમણે કહ્યું કે, કોંગ્રેસની સરકાર બનશે તો દેશનાં કોઇ પણ ખેડૂતને દેવું નહી ચુકવવાનાં કારણે જેલમાં નહી પુરવામાં આવે.

રાહુલે કહ્યું કે, તેમણે (મોદીએ) તમારી સાથે, હિન્દુસ્તાનનાં ગરીબ લોકોની સાથે આદિવાસી લોકોની સાથે અન્યાય કર્યો છે. હવે કોંગ્રેસ પાર્ટી તમારો ન્યાય કરવા માંગે છે. જે પાંચ વર્ષ તેમણે તમારુ નુકસાન કર્યું, હું કહેવા માંગુ છું કે છેલ્લા પાંચ વર્ષમાં વડાપ્રધાન મોદીએ સૌથી વધારે નુકસાન આદિવાસીઓને પહોંચાડ્યું છે. રાહુલે કહ્યું કે, નરેન્દ્ર મોદીએ તમારુ જળ, જંગલ અને જમીન છીનવવાનું કામ કર્યું. અમે તમારી જમીન, તમારા જળ અને જંગલનું રક્ષણ કરીશું. કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું કે, છેલ્લા પાંચ વર્ષ જો તમારી સાથે અન્યાય થયો છે તો આગામી પાંચ વર્ષ તમારી સાથે ન્યાય થશે. જે તમારા ખીચામાંથી ગયુ, તેનાથી વધારે કોંગ્રેસ પાર્ટી તમારા ખીચામાં નાખશે.

કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું કે, અમારી પાર્ટી ગરીબોની પાર્ટી છે, આર્થિક નબળા લોકોની પાર્ટી છે. અમે ૧૫ ઉદ્યોગપતિઓની પાર્ટી નથી. નરેન્દ્ર મોદીએ તમારી સાથે અન્યાય કર્યો છે. હું તમને ગેરેન્ટી આપુ છું કે અમે તમને ન્યાય આપીશું.

આતંકવાદનું શસ્ત્ર આઈડી, લોકતંત્રની શક્તિ વોટર આઈડી : પીએમ મોદી

અમદાવાદ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકસભાની ચૂંટણીના ત્રીજા તબક્કામાં રાણીપની નિશાન હાયર સેકન્ડરી સ્કૂલ ખાતે મતદાન કર્યું છે. વડાપ્રધાન મોદી આજે સવારે રાણીપની શાળા ખાતે મતદાન કરવા પહોંચ્યાં ત્યારે ભાજપ અધ્યક્ષ અને ગાંધીનગર બેઠક પરથી ઉમેદવાર અમિત શાહ પહેલેથી તેમનું સ્વાગત કરવા માટે હાજર હતાં.

મતદાન કર્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે કુંભના મેળામાં સ્નાન કરીને જે આનંદ મને થયો હતો. તેવો જ આનંદ અને મતદાન કરીને એટલી જ પવિત્રત થયાનો આનંદ મેળવ્યો છે. વિશેષ કરીને લોકતંત્રના પર્વમાં જ્યાં ચૂંટણી બાકી છે ત્યાં ખૂબ જ અને ભારે ઉત્સાહથી લોકોએ મતદાન કરવું જોઈએ તેઓએ જણાવ્યું કે ભારતના મતદારો ખૂબ જ સમજુ છે કોને મતદાન કરવું અને કોને નહીં કરવું તેની તેમને ખબર પડે છે.

દૂધનું દૂધ અને પાણીનું પાણી કરવાની વિશેષતા ભારતીય મતદારોમાં છે. સમગ્ર વિશ્વ માટે આ બાબત એક અભ્યાસનો વિષય છે. વડાપ્રધાન મોદીએ ઉપસ્થિત સૌ કોઈ લોકોનો આભાર માની બધાને શુભેચ્છા પાઠવી હતી તેમ જ કહ્યું હતું કે પ્રથમ વખત જે લોકો વોટ આપી રહ્યા છે. તેની જ આ સદી છે.

BETTER CAREER MANAGEMENT BCM SINCE 1996
બેટર કેરિયર મેનેજમેન્ટ
સરકાર માન્ય
CCC, TALLY, GST
DTP, MS OFFICE
સ્પોકન ઈંગ્લીશ & FRENCH
ડિજીટલ ટેક્ષ્ટાઈલ,એબ્રોઈડરી ડિઝાઈન
DILHI GATE 2042, Belgium Square 9979860058
RANDER ROAD 9,PATEL PARK, TADWADI 9825160603
HONEY PARK 203, GREEN PLAZA 9825042891

Excellent Corporation
Leading Manufacturer of CVD/HPHT Lab Grown Diamonds
What are CVD/HPHT Lab-Grown Diamonds?
They are called by different names – engineered diamonds, man-made diamonds, cultured diamonds; but the most accurate way to describe them would be 'sustainable diamonds'. These marvels are a result of advanced technological processes, such as HPHT (High Pressure High Temperature) and CVD (Chemical Vapor Deposition) that help to ethically cultivate them within sophisticated laboratories.
These methods use controlled environmental parameters to replicate the natural growth process of diamonds formed inside the earth's crust. So when a lab diamond is born, its composition includes 100% carbon with no trace elements of boron or nitrogen. This makes them a pure and truly sustainable choice for fine jewelry.
What Would You Prefer?
Lab Grown
Lab Grown Diamonds grow through the same natural crystallisation process as mined diamonds, as well as share the same physical chemical and optical properties.
Production time is 5-15 Days
60-80% cheaper than natural diamonds
Production process is less Environmentally Polluting
Natural
Natural Diamonds have grown inside earth through geological processes from a carbon source and extracted by excavating several tonnes of earth.
Formation time more then million years
Very Expensive
Depth mining is not eco friendly
+91-9727971689
+91-9601830920
www.excellentcorporation.in
excellentcorporation1@gmail.com

Jay Jagannath Agrotech
જય જગન્નાથ એગ્રોટેક
ખેતીને લગતા ટ્રેક્ટર સંચાલિત આધુનિક-વૈજ્ઞાનિક સાધનોના ડીલર
હેવી પંજાબ ડીશ હેરો (ભાડે તથા વેચાણ)
પાણ્ય ચાવવાનું હાથનું રીપર
ટ્રેક્ટર રીપર
ડીલર ઊપણવાનું થ્રેશર
પ્લાઉ - રીવર્સ પ્લાઉ તથા હાઇડ્રોલિક પ્લાઉ
લાઈન ગાળવાનું મશીન
બ્રશ કટર
ઓટોમેટિક વાવણિયો
પંજાબ ભૂંસાનું (કુંવળ) રીપર
કલ્ટીવેટર (શેવુ)
વાટેલી છૂટી ડાંગર ઝૂડી પરાળી દૂર ફેંકતું ડાંગરથ્રેશર
ચાલુ કામનો વિડિયો, વોટ્સએપ, યુટ્યુબ પર જોવા મળશે.
રોટાવેટર જોઈન્ટ (કેવ)
ખેડૂતોઓ બેંક લોન લેતા પહેલાં કોર્પોરેશન મેળવવું જરૂરી છે. બેંક લોન માટે બનતી મદદ કરવામાં આવશે.
સમજદાર ખેડૂતે સીઝન પહેલાં સાધન વસાવી લેવું જોઈએ.

Grand OPENING
— MBBS —
STUDY ABROAD
USA • CANADA • NEW ZEALAND
RUSSIA • EUROPE • AUSTRALIA
You are Invited
સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી "શ્રી કાકા સાહેબ" (ભાઈલાલભાઈ ધાનાણી) ના વરદ હસ્તે અમરેલીમાં અમારી ચોથી શાખાનુ ઉદઘાટન કરતા અમો આનંદ અનુભવીએ છીએ.
આ શુભ પ્રસંગમાં આપની હાજરી એ અમારા માટે અમુલ્ય છે.
તો આ પ્રસંગને દિપાવવા અવશ્ય પધારશોજી.
રવિવારે, 14 એપ્રિલ, 2019 (રામ નવમી) 9.00 વાગ્યે
Venue
218, 2nd Floor, City point Complex, Opp. S. T Bus Stand, Amreli.
Branches
Surat | Ahmedabad | Rajkot
D C Dhanani Manager(Computer Sec.) AIMS Bani, Amreli 09426976058
Dr Nirav Domadiya (MBBS) 09099734411
Raila D Dhanani (Teacher - Sankul) 09925125975
www.fortuneeducationhub.com
info@fortuneeducationhub.com
FORTUNE EDUCATIONHUB
An ISO 9001:2015 CERTIFIED INSTITUTE

ગાંધીધામ માં મતદાન કરવા વહેલી સવારથી મતદારો ઉત્સાહપૂર્વક મતદાન કરવા ઉમટ્યા : ૫૮ટકા કુલ મતદાન થયુ





સમ્રગ શહેર માં ચુસ્ત પોલીસ બંદોબસ્ત

લોકશાહી નો સૌથી મોટું પર્વ ઉજવાઈ રહ્યો છે ત્યારે કચ્છ લોકસભાની બેઠક માટે ગાંધીધામ ખાતે મતદારો પોતાના ઉમેદવાર ને જીતાડવા જુસ્સો જોમ દેખાતો હતો, કાયકરો માં ઉત્સાહ જોવા મળયો હતો, વહેલી સવારથી ભાઈઓ-બહેનોની લાંબી કતારો જોવા મળી હતી, રાજકીય પક્ષના કાર્યકરોએ ઉમેદવારોને જીતાડવા સીટ કબજે કરવા એડીચોટી નું જોર લગાવ્યું હતું લોકોએ લોકશાહી પર્વની ઉજવણી કરી હતી,ગાંધીધામ ના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી, મધુકાન્તભાઈ શાહ, ભરતભાઈમીરાની, રાજેશભાઈ, રાજીવશર્મા, જગદીશ ઠક્કર, શૈલેશભાઈ પુજાર સહીતના લોકો મતદાન કરયુ હતુ, અને લોકો ને લોકશાહી ના પર્વે મતદાન કરવા અપીલ કરી હતી,ચૂંટણીમાં મતદાન કરવા માટે અપંગો વૃદ્ધો તેમજ મહિલાઓ ઉત્સાહપૂર્વક મતદાન કર્યું હતું સમગ્ર ગાંધીધામ શાંતિપૂર્ણ મતદાન થયુ હતુ, કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ગાંધીધામ પોલીસ, પેરામિલિટરી ફોર્સ ના જવાનો ખડેપગે દિવસભર પેટ્રોલિંગ કરી બંદોબસ્ત કરવામાં આવ્યો છે

મોરબીના ધારાસભ્ય બ્રિજેશ મેરજા અને તેમના પત્નીએ મતદાન કર્યું



આજે લોકશાહીના મહાપર્વનો દિવસ હોય ત્યારે નાગરિકો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી રહયા છે અને લોકશાહી પર્વને દીપાવી રહ્યા છે વહેલી સવારથી જ મતદારો લાઈનો લગાવી લોકશાહીને શોભે તેવો માહોલ ખડો કર્યો છે ત્યારે મોરબીના ધારાસભ્યએ પણ પોતાના વતનમા પહોંચીને મતદાન કર્યું હતું

મોરબી-માળિયાના ધારાસભ્ય બ્રિજેશભાઈ મેરજાએ આજે પોતાના વતન ચમનપર ગામે પહોંચીને સવારે મતદાન કર્યું હતું ધારાસભ્ય બ્રિજેશ મેરજા અને તેમના પત્ની સુશીલાબેને માળીયાના ચમનપર ગામે પ્રથમ મતદાન કર્યું હતું અને તમામ મતદારોને મતદાન કરવા અપીલ કરી હતી

મોરબી જીલ્લામાં ૧૭ સ્થળે ઈવીએમ-વીવીપેટ મશીનો બગડ્યા



અનેક સ્થળોએ ઈવીએમ બગડવાની ફરિયાદો જોવા મળી

લોકસભા ચુંટણીના આજે ત્રીજા ચરણના મતદાનમાં ગુજરાતની તમામ ૨૬ બેઠકો પર મતદાન યોજાયું હતું જેમાં મોરબી જીલ્લામાં પણ સવારથી મતદારોએ લાઈનો લગાવી લોકશાહીના પર્વને દિપાવ્યું હતું અને સાંજ સુધીમાં મોરબી જીલ્લામાં સરેરાશ ૬૫.૪૮ ટકા મતદાન નોંધાયું હતું

મોરબી જીલ્લામાં આજે મોરબી વિસ્તારમાં ૬૩.૨૬ ટકા, ટંકારામાં ૬૭.૩૭ ટકા અને વાંકાનેરમાં ૬૬.૧૨ ટકા મતદાન નોંધાયુંહતુંઅનેમોરબી જીલ્લાનું કુલ સરેરાશ મતદાન ૬૫.૪૮ ટકા નોંધાયું છે

મોરબી જીલ્લામાં ૧૭ સ્થળે ઈવીએમ-વીવીપેટ મશીનોમાં ખરાબી

વહેલી સવારથી આજે મતદારોએ લાઈનો લગાવી હતી જોકે અનેક સ્થળોએ ઈવીએમ અને વીવીપેટ મશીનો બગડ્યાની ફરિયાદો ઉઠી હતી જેમાં વાંકાનેરમાં ખીજડીયા, ખેરવા, માલીયાસણ, પરાપીપળીયા અને રામપરા (બેટી) સહિતના ૫ સ્થળે, મોરબી શહેરમાં બે અને ગાળા ગામે એક એમ ત્રણ સ્થળે જયારે ટંકારામાં રંગપર, બગથળા, તરઘડી, હીરાપર, દેપલીયા અને ખરેડા એમ છ સ્થળે સહીત ૧૭ સ્થળે મશીનો બગડવાની સત્તાવાર નોંધ થવા પામી છે.

ગુપ્ત મતદાન નિયમનો ભંગ, ઈવીએમનો વીડિયો વાયરલ

રાજકોટ

રાજકોટમાં મતદાનનાં વખતે ચૂંટણી નિયમનો ભંગ થયો છે. જ્યારે દેશભરમાં ગુપ્ત મતદાનની જાગૃતિ ફેલાવવામાં આવે છે ત્યારે રાજકોટનાં ભાજપ કોંગ્રેસ બંને પ્રતિસપર્ધીઓનો વીડિયો વાયરલ થયો છે કે તેઓને વોટ મળી રહ્યો છે. ભાજપનાં મોહન કુંડારિયા અને કોંગ્રેસનાં લલિત કગથરાને વોટ મળતા હોવાનો વીડિયો વાયરલ થયો છે.

આ વીડિયો હાલમાં સોશિયલ મીડિયા પર ધૂમ વાયરલ થઈ રહ્યો છે. જોકે લોકશાહીનાં આ પર્વનાં નિયમ મુજબ આ રીતે પોતાનાં ગુપ્ત મતદાનનાં નિયમનો ભંગ કરવો યોગ્ય નથી.

એક જવાબદાર મીડિયા હાઉસ તરીકે અમે આપને જણાવીએ છીએ કે, લોકશાહીમાં જે પણ નિયમ હોય તેને પાળવામાં આવે ખુબજ જરૂર છે.

રાજકોટ બેઠક પર વર્ષ ૨૦૦૯માં પંજાનો હાથ હતો ત્યારે કોંગ્રેસનાં કુંવરજી બાવળીયાએ ૨૪,૭૩૫ વોટથી સરસાઈ મેળવી હતી. જ્યારે વર્ષ ૨૦૧૪માં ભાજપનાં મોહન કુંડારિયાએ ૨,૪૬,૨૨૮ વોટથી સરસાઈ મેળવી હતી. વર્ષ ૨૦૧૯માં ફરીથી ભાજપે મોહન કુંડારિયામાં વિશ્વાસ દર્શાવ્યો છે અને તેમને ઉમેદવાર તરીકે પસંદ કર્યા છે.

મહિસાગરમાં ૨૫૦ જેટલા મતદારોએ જીવના જોખમે મત આપ્યો

પહેલા મતદાન પછી પ્રભુતામાં પગલા... જાનૈયા જાન લઈને વોટિંગ બુથ પર પહોંચ્યા

મહીસાગર-અરવલ્લી

અરવલ્લી

અરવલ્લીના બાયજના ખાંડા ગામે વરરાજાએ મતદાન કર્યું હતું. પરણવા જતાં પહેલાં વરરાજા જાન લઈને મતદાન મથકે પહોંચ્યા હતા અને મતાધિકારનો ઉપયોગ કર્યો. સાથે જ યુવાનોને ફરજિયાત મતદાન કરવા અપીલ કરી. તો અરવલ્લીમાં એક કન્યાએ લગ્ન પહેલાં પરિવાર સાથે મતદાન મથકે પહોંચી અને મતાધિકારનો ઉપયોગ કર્યો.

ખેડા

ખેડા જિલ્લામાં લોકસભા ચૂંટણીમાં ઉત્સાહભેર મતદાન આવ્યા હતા. ગળતેશ્વરના સેવાલિયામાં નવા મતદારોને ગ્રામજનોએ વધાવ્યા હતા અને પહેલીવાર મતદાન કરનારા ૧૦૦ યુવાનો ઢોલ સાથે મતદાન મથકે પહોંચ્યા હતા.

ભરૂચ

ભરૂચના કોસમડી ગામે શરીર પર પીઠી લગાવેલી કન્યા મતદાન મથકે પહોંચી હતી અને મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

વડોદરા

વડોદરામાં મતદાન જાગૃતિ માટે અનોખી પહેલ કરાઇ પ્રથમ વખત મત આપી રહેલા લોકો ગરબા કરી અને મતદાન કરવા પહોંચ્યા. ત્યારે શાહીદીપનગર સોસાયટીના નાગરીકોએ અનોખી પહેલ કરી અને આ વખતે પ્રથમ વખત મત આપવા જઇ રહેલા યુવા મતદારોને ગુલાબનું ફુલ આપ્યું અને લોકોને વધુમાં વધુ મતદાન કરવા અપીલ કરી.

બનાસકાંઠા

બનાસકાંઠાના થરાદ ખાતે મહિલાઓ અલગ અંદાજમાં જ મતદાન કરવા પહોંચી. થરાદના લુણાવા ગામમાં મહિલાઓ લોકગીતો ગાતા-ગાતા અને મતદાન મથકે પહોંચી. ત્યારે મતદાન માટે મહિલાઓનો આ અનોખો અંદાજ સમગ્ર લુણાવા ગામમાં છવાયો છે.

જૂનાગઢ

જૂનાગઢમાં લગ્ન કરતાં પહેલાં વરરાજાએ મતદાન કર્યું. વરરાજા જાન લઈને મતદાન મથકે પહોંચ્યા હતા અને મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

રાજકોટ

રાજકોટમાં વર-વધુએ મતદાન કર્યું. વર અન વધુ મતદાન મથકે પહોંચ્યા અને મતાધિકારનો ઉપયોગ કર્યો.

દ્વારકા

દ્વારકામાં ૧૦૮ વર્ષની ઉમરના દાદાએ મતદાન કર્યું છે. દેવળીયા ગામના વૃધ્ધે દાદાએ ૧૦૮ વર્ષની ઉમરમા મતદાનની ફરજ નિભાવી છે અને મતાધિકારનો ઉપયોગ કર્યો. સાથે જ યુવાનોને ફરજિયાત મતદાન કરવા અપીલ કરી હતી.

મહિસાગર

જ્યારે મહિસાગરમાં સ્થાનિકોને મતાધિકારોનો ઉપયોગ કરવા માટે નાવડીનો સહારો લેવો પડી રહ્યો છે. સંતરામપુરના ટીમલા પશ્ચિમ ગામના ૨૫૦ જેટલા મતદારોએ જીવના જોખમે મત આપ્યો છે. બુથ કડાણા ડેમના પાણીની સામે ટીમલા પૂર્વ ગામમાં હોવાથી ગ્રામજનોને ૨ કિલોમીટર સુધી જળમાર્ગે જવુ પડ્યુ.

મૃતક પત્નીનું નામ રાખ્યું અને જીવિત પતિનું નામ કાઢી નાખ્યું

મતદારોના નામ આપોઆપ ડીલીટ, નાગરિકોને મત નહીં આપવા દેતા ભારે હોબાળો

અમદાવાદ

ગાંધીનગર લોકસભાની બેઠક આવતા પશ્ચિમના બોડકદેવ વિસ્તારમાં મતદારયાદીમાંથી નામ ગુમ થવાના કે ડિલીટ કરવાના પ્રશ્ને ભારે હોબાળો મચી ગયો છે. આ લોકો અહીં ૨૦ વર્ષ કે તેથી વધુ સમયથી રહે છે. ૨૦૧૪ની લોકસભાની અને ત્યારબાદ ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં પણ આ તમામ લોકોએ આ જ મતદાન કેન્દ્રોમાંથી મતદાન કર્યું હતું. તેમને પાડોશીઓ સાથે મતદાન કરવા આવ્યા હતા, પરંતુ તેમને એવું કહેવાય કે તમારા નામ ડીલીટ થઈ ગયા છે.ફરજ પરના અધિકારીઓએ કહ્યું હતું કે મતદાર યાદીમાં તમારું નામ ન હોવાથી અમે તમને મતદાન કરવા દઈશું નહીં.

આવુ સાંભળ્યા બાદ લોકોનો ગુસ્સો વધુ તીવ્ર બન્યો હતો અને ખૂબ જ દલીલ કરી હતી કે એક બાજુ મોદી સાહેબ અને ચૂંટણી પંચ વધુને વધુ મત આપવા માટેની અપીલ કરે છે. આ સમયે બોડકદેવ વિસ્તારના લોકો કોર્પોરેટરો પણ હાજર હતા. તેઓએ પણ મતદારોને સમજાવ્યું હતું કે તમારે મતદારયાદી અગાઉ જોઈ લેવાની જરૂર હતી. જો તેમાં તમારું નામ ડીલીટ થયેલું જણાય તો તમારે રજૂઆત કરવાની જરૂર હતી. હવે અત્યારે નામ યાદીમાં ન હોવાથી તમે મત આપી શકશો નહીં.

ભાજપના કોર્પોરેટરની આવી દલીલ સાંભળીને મતદારો વધુ ગુસ્સે ભરાયા હતા, ત્યારબાદ કોર્પોરેટર ત્યાંથી રવાના થઈ ગયા હતા, બીજી બાજુ ૭૭ વર્ષના કૌશિકભાઈ પટેલ જણાવે છે કે ૭૫ વર્ષના મારા પત્ની ઉષાબહેનનું મૃત્યુ થયું હતું. આથી મે સર્ટિફિકેટ સાથે તેમનું નામ કમી કરવા માટે ફોર્મ ભર્યું હતું, પરંતુ મારા વાઈફનું નામ કમી કરવાને બદલે મારું નામ કમી કર્યું છે અને મારા વાઈફનું નામ મતદાર યાદીમાં યથાવત છે હું જીવિત હોવા છતાં મારું નામ નથી અને મારી પત્ની હયાત ન હોવા છતાં તેનું નામ મતદાર યાદીમાં છે.

અમિત ચાવડા અને ભરતસિંહ સોલંકીએ કોંગ્રેસની જીતનો આશાવાદ વ્યક્ત કર્યો

અમદાવાદ-આણંદ-ભરૂચ

કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અને પૂર્વ પ્રદેશ પ્રમુખ તેમજ આણંદ લોકસભાના ઉમેદવાર ભરતસિંહ સોલંકીએ રાજ્યમાં કોંગ્રેસની જીતનો આશાવાદ વ્યક્ત કર્યો છે.

કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ કહ્યું,'આજે દેશમાં લોકોએ ત્રીજા ચરણના મતદાનમાં ઉત્સાહપૂર્વક મતદાનનો પ્રારંભ કર્યો છે. રાજ્યમાં ખેડૂતો, યુવાનો, મહિલાઓ, યુવાનો, વેપારીઓ ન્યાય મેળવવા માટે લોકતંત્ર બચાવવા માટે પરિવર્તન માટે મતદાન કરવા નીકળ્યા છે. રાહુલ ગાંધીના નેતૃત્વમાં દેશમાં કોંગ્રેસની સરકાર બનશે અને ગુજરાતમાં પણ કોંગ્રેસ ૧૬ કરતાં વધારે બેઠકો જીતશે.''

કોંગ્રેસના પૂર્વ પ્રદેશ પ્રમુખ અને આણંદ બેઠકના ઉમેદવાર ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે આણંદ બેઠક પર લોકોએ ઉત્સાહભેર મતદાન કર્યું છે અને જે રીતે લોકો મતદાન કરી રહ્યાં છે તે જોતા લાગી રહ્યું છે કે ગુજરાતમાં કોંગ્રેસ ૧૬ કરતાં વધારે બેઠકો પર વિજય મેળવશે. અંકલેશ્વરના પીરામણ ગામમાં કોંગ્રેસના ખજાનચી અને રાજ્યસભાના સાંસદ અહેમદ પટેલ અને તેમના પુત્ર ફૈઝલ પટેલે મતદાન કર્યું હતું. ભરૂચ લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર શેરખાન પઠાણે પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. તેઓએ ભરૂચના નેત્રંગ ખાતે તેઓએ મતદાન કર્યું હતું. ભરૂચના ધારાસભ્ય દુષ્યંતભાઈ પટેલે પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ભરૂચ લોકસભાના બીટીપીના ઉમેદવાર છોટુભાઈ વસાવાએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. તેઓએ વાલિયા તાલુકાના વાસણા ખાતે મતદાન કર્યું હતું.

ચોકીદાર શોધવો હશે તો હું નેપાળ જઈશ, દેશમાં પીએમ જોઈએ છે : હાર્દિક પટેલ

વિરમગામ

રાજયમાં હંમેશા ચર્ચામાં રહેતા નવજુવાન કોંગ્રેસમાં જોડાયેલા હાર્દિક પટેલ, કોંગ્રેસમાંથી રાજીનામું આપનાર અલ્પેશ ઠાકોર અને દલિત નેતા અને વડગામ બેઠક પરથી અપક્ષ ઉમેદવાર જીગ્નેશ મેવાણીએ પણ પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને મતદાન કર્યું છે.



પાસ નેતા તેમજ કોંગ્રેસના યુવા નેતા હાર્દિક પટેલે વિરમગામ ખાતે પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. મતદાન બાદ મીડિયા સાથે વાતચીત કરતા હાર્દિક પટેલે પીએમ મોદી પર પ્રહાર કરતા જણાવ્યું કે, ×મને ચોકીદાર નહીં પરંતુ વડાપ્રધાન જોઈએ છે. મારે જો ચોકીદારને શોધવો હશે તો હું નેપાળ ચાલ્યો જઈશ, મને દેશમાં એવો પીએમ જોઈએ જે દેશની અર્થવ્યવસ્થા, શિક્ષણ, યુવાનો અને જવાનોને મજબૂત કરે.×

કોંગ્રેસ પક્ષથી નારાજ અલ્પેશે ઠાકોરે મતદાન કર્યું. તેમણે મતદાન કરીને કહ્યું હતું કે મારો મત મારા દેશ માટે છે અને દેશનાં સારા ભવિષ્ય માટે છે. દલિત નેતા જીગ્નેશ મેવાણીએ અમદાવાદમાં વોટિંગ કર્યું હતું.

કોંગ્રેસ તરફી મતદાનનો પ્રવાહ વધતા ગભરાયેલા ભાજપા આગેવાનોએ કર્યું બોગસ વોટિંગ

'વી વોટ મોદી'નાં સુત્રો પોકારી વિભાવરી દવેએ આચારસંહિતાનો ભંગ કર્યો

માણાવદર

માણાવદર વિધાનસભાની પેટા ચૂંટણીનું મતદાન શરૂ થયું એ દરમિયાન તાલુકાના વાડાસણા ગામે ભાજપના સમર્થક બોગસ મતદાન કરાવતા હોવાની ફરિયાદ મળતા તંત્ર દોડતું થઈ ગયું હતું. કોંગ્રેસ તરફી મતદાનનો પ્રવાહ વધતા ગભરાયેલા ભાજપના આગેવાનોએ હવાતીયા મારવાનું શરૂ કરી દીધું હતું. અને પોતાના ઉમેદવારને વિજય બનાવવા માટે નિમ્ન કક્ષાનું રાજકારણ ખેલી રહ્યાંની પણ ફરિયાદ ઉઠી છે. રાજયના મંત્રી વિભાવરીબેન દવેએ ભાવનગરમાં મતદાન કર્યું હતું. મતદાન પહેલા લાઈનમાં ઉભે હતા ત્યારે મોદી હૈ તો મુમકિન હૈ અને વી ફોર મોદીના નારા લગાવ્યા હતા. આ પ્રકારના નારાથી ઉપસ્થિત સૌ કોઈ આશ્ચર્યચકિત બની ગયા હતા. ચૂંટણીપંચના નિયમ મુજબ ૧૦૦ મીટરના વિસ્તારમાં કોને મત આપવો તેવી ચર્ચા કે નારા ન લગાવી શકાય. પરંતુ વિભાવરીબેન દવેએ ભાવનગરના હિલ ડ્રાઇવ ફૂલવાડી વિસ્તારમા આવેલા મતદાન મથકે મત આપવા ગયા હતા ત્યારે તેણે નારા લગાવ્યા હતા. આથી તેના વિરૂદ્ધ આચારસંહિતા ભંગની ફરિયાદ થઈ શકે છે.



સુરત શહેરના ધારાસભ્ય પૂર્ણેશ મોદી, સંગીતા પાટીલ, લોકસભાના ઉમેદવાર દર્શનાબેન જરદોશ તેમજ શહેર ભાજપ પ્રમુખ નીતીન ભજીયાવાળા દ્વારા મતદાન કરવામાં આવ્યું હતું.

ખીચોખીંચ ૩૨ પાડા ભરેલો ટેમ્પો પલટી જતા ૧૦ પાડાઓના ઘટના સ્થળે મોત

અકસ્માતમાં હેમખેમ ઉગરી ગયેલા ૨૨ પાડાઓને ગૌશાળામાં મોકલાયા

સુરત

કડોદરા મગનજીનીવાડી પાસેથી કતલખાને લઈ જવાતા ૩૨ જેટલા પાડાઓને આઈસર ટેમ્પાના ચાલકે ટેમ્પો પલ્ટી ખવડાવતા ૧૦ પાડાઓનું મોત નીપજાવી ચાલક ફરાર થઈ ગયો હોવાનો બનાવ કડોદરા જીઆઈડીસી પોલીસ મથકમાં નોંધાતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ગતરોજ આઈસર ટેમ્પા નં.જીજે-૧૯-એક્સ-૪૭૧૪ના ચાલકે ટેમ્પામાં ખીચોખીચ ઘાસચારો અને પાણીની વ્યવસ્થા કર્યા વગર ૩૨ જેટલા પાડાઓ કતલખાને લઈ જવા ભર્યા હતા. કડોદરા મગનજીની વાડી ખાતે ચાલકે પૂરપાટ ઝડપે આઈસર ટેમ્પો હંકારતા ટેમ્પો પલટી ખાઈ જતા ૩૨ પાડાઓમાંથી ૧૦ પાડાઓના મોત નીપજાવી ચાલક ફરાર થઈ ગયો હતો. પોલીસે બાકીના ૨૨ પાડાઓને મુક્ત કરાવી ગૌશાળામાં મોકલી આપ્યા હતા. જ્યારે ચાલક સામે આઈપીસી ૨૭૯ તથા પ્રાણીઓની સાચવણી અધિનિયમ તથા પ્રાણી વહનધારાની કલમનો ગુનો દાખલ કરી પોલીસે તપાસ શરૂ કરી છે.



લોકસભા ચૂંટણીમાં ફરજીયાત મતદાન કરવાના પ્રેરણા આપવા પોલીસ કમિશનર સતીષ શર્માએ મતદાન કરી પ્રેસફોટો ગ્રાફરો સમક્ષ મતદાનની નિશાની દર્શાવતી શાહીવાળી આંગળી દર્શાવી હતી.



નવસારી લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર સી.આર.પાટીલે તેમના પરિવાર સાથે સુરતના ભટાર રોડ સ્થિત ઉત્તર ગુજરાત બુનિયાદી શાળા ખાતે મતદાન કર્યું હતું.

અમરોલીમાં ૨૫ અને ૧૯ વર્ષની બે બહેનો ઘરેથી એકસાથે લાપતા

દવાખાને જવા નીકળેલી બન્ને બહેનો ઘરે પરત ફરી નથી

સુરત

અમરોલી પોલિસના જણાવ્યાં અનુસાર તા. ૩૦/૦૩/૨૦૧૯ ના રોજ રહે.અમરોલી ચાર રસ્તા, મહાવીર શોપીગ સેન્ટર પાસે, નવકાર ટોબેકો સોપારીની ઉપર, પતરાની રૂમમાં, અમરોલી ખાતે રહેતા અને મુળ ગામ-ટોડા, તા.લાઠી જી.અમરેલીના વતની નટુભાઈ ઝવેરભાઈ વાઘેલાની બે દિકરીઓ (૧) કૈલાશબેન(ઉ.વ.૧૯) અને (૨) દક્ષાબેન (ઉ.વ.૨૫) પોતાના ઘરેથી બંન્ને બહેનો દવાખાને જઈને આવીએ છીએ તેમ કહીને ઘરે પરત નહી આવી ક્યાંક ચાલ્યા ગયા છે. ગુમ થનાર કૈલાશબેન શરીરે પાતળા બાંધાની, રંગે ઘઉંવર્ણ અને ઉચાઈ ૫.૪ ફુટ છે. જેણે શરીરે કાળા કલરની કુર્તી પહેરેલ છે. જયારે દક્ષાબેન શરીરે પાતળા બાંધાની રંગે ઘઉંવર્ણ ની જેની ઉચાઈ આશરે ૫.૦ ફુટ જેટલી છે. જેણે શરીરે સફેદ કલરની કુર્તી તથા વાદળી કલરની લેંગીજ પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલિસ સ્ટેશન અથવા અમરોલી પોલિસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

મોટર સાયકલ પર પાછળ બેસેલી પરિણીતાનો અછોડાની ચીલઝડપ

મહિલાનો અઢી તોલાનો અછોડો લૂંટાયો

સુરત

ખટોદરા વિસ્તારમાંથી પસાર થતા એક બાઈક સવારની પાછળ બેસેલી પત્નીના ગળામાંથી અઢી તોલાની સોનાની ચેન કિંમત રૂા.૭૦ હજારની લૂંટ ચલાવી મોટર સાયકલ પર આવેલા બે અજાણ્યા ઈસમો ફરાર થઈ ગયા હોવાનો બનાવ ખટોદરા પોલીસ મથકમાં નોંધાતા પોલીસે લૂંટનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર પરવત પાટીયા ગંગા હોટલ પાસે રૂદ્રમણી રેસીડેન્સીમાં દુર્ગાદેવી ભગીરથભાઈ રાઠી રહે છે. તેઓ પોતાના પતિ સાથે પ્લેઝર બાઈક પર બેસીને ખટોદરા વિસ્તારમાંથી પસાર થતા હતા. ત્યારે મોટર સાયકલ પર આવેલા બે અજાણ્યા ઈસમોએ પત્નીના ગળામાંથી અઢી તોલાની સોનાની ચેનની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. ખટોદરા પોલીસે લૂંટનો ગુનો નોંધી ઘટના સ્થળનું નિરીક્ષણ પણ કર્યું હતું.

કામરેજ ટોલ નાકા પાસેથી પોલીસે ૫.૩૧ લાખનો દારૂ ભરેલો ટેમ્પો પકડયો

રૂા. ૧૦ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરતી પોલીસ

સુરત

કામરેજ ટોલટેક્ષ નાકા પાસેથી પસાર થતા એક બુટલેગર ટેમ્પા ચાલકને આંતરીને તપાસ કરતા પોલીસે વિદેશી દારૂની કુલ્લે ૭૭૮૮ નંગ બોટલ કિંમત રૂા. ૫.૩૧ લાખ તથા ૫ લાખ રૂા.નો ટેમ્પો મળી કુલ્લે ૧૦.૩૧ લાખનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જોકે, બુટલેગર ટેમ્પો ચાલક મુદ્દામાલ મૂકીને ફરાર થઈ ગયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, જીજે-૦૧-એફટી-૨૪૯૩ નંબરના બુટલેગર ચાલક ગત રાત્રિના સુમારે પોતાના ટેમ્પામાં કુલ્લે ૭૭૮૮ નંગ વિદેશી દારૂની જુદી-જુદી બ્રાન્ડોની બોટલો ભરીને જતા હતા ત્યારે કામરેજ ટોલટેક્ષ ખાતે ફરજ બજાવતા કામરેજ પોલીસે ટેમ્પો રોકીને તપાસ કરી રૂા. ૫.૩૧ લાખ તથા ૫ લાખ રૂા. નો ટેમ્પો કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જોકે પોલીસને જોઈને ચાલક ટેમ્પો મૂકીને ફરાર થઈ જતા તેમના વિરુદ્ધ પ્રોહીબીશન એકટ મુજબનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

સુરતમાં તેજ પવન ફૂંકતા ગઈકાલ કરતા આજે એક ડિગ્રી ઓછું તાપમાન

સુરત

સમગ્ર રાજયમાં આજે હિટવેવની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. આજે બપોરે સધીમાં ગરમ પવન ફૂંકાવાની સાથે દક્ષિણ ગુજરાતમાં આકરા તાપનો અનુભવ થયો હતો. સાંજ સુધી તાપમાનનો પારો ૪૦ ડિગ્રીની આસપાસ રહે તેવી શક્યતા છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકત્તમ તાપમાન ૩૮.૯ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૨૪.૮ ડિગ્રી નોંધાયું છે. શહેરની હવામાં ભેજનું પ્રમાણ ૭૪ ટકા અને હવાનું દબાણ ૧૦૦૯. ૯ મીલીબાર નોંધાયું છે. આજે સવારથી પવનની દિશા ઉત્તરના બદલે પૂર્વ દિશાની થતા પવનની ગતિ પ્રતિ કલાક ૫ કિલોમીટરની નોંધાઈ છે. નવસારીમાં આજે અધિકત્તમ તાપમાન ૩૭ ડિગ્રી અને વલસાડમાં ૩૬ ડિગ્રી તાપમાન નોંધાયું છે. આગામી દિવસોમાં ગરમીનો પારો વધશે તેવી શક્યતા છે. આજે સમગ્ર રાજયમાં અસહ્ય ગરમીનો અનુભવ થયો હતો. સવારથી બપોર સુધી પારો ૩૫ થી ૩૬ ડિગ્રીની આસપાસ પહોંચી ગયો હતો. બપોરે ગરમ પવન ફૂંકાવાની સાથે તાપમાન વધશે સાંજ સુધી ૪૦ ડિગ્રીની આસપાસ તાપમાન રહે તેવી શક્યતા છે.

મતદાર યાદીમાંથી મતદારોના નામો ગાયબ હોવાની ફરિયાદ

નિવૃત્ત ડે. મામલતદારનું નામ યાદીમાંથી નીકળી ગયું

સુરત

આજે મતદાનના દિવસે મતદાર યાદીમાંથી અનેક નામોગુમ થતાં લોકો રોષ ઠાલવતાં નજરે પડતા હતા. જમીન સંપાદન અધિકારી તરીકે નિવૃત્તિ થયેલા ડેપ્યુટી મામલતદાર ગીતાબેન ઈશ્વરભાઈ હવેલીવાળા પોતાના મતદાન મથકમાં ૧૨૪/૧૨૫ પ્રાથમિક શાળા રૂઘનાથપુરા, ઓથીયા શેરીમાં મતદાન કરવા ગયા ત્યારે મતદાર યાદીમાં નામ ન હોવાથી મતદાન કરતા અટકાવવામાં આવ્યા હતા. નિવૃત્ત ડેપ્યુટી મામલતદાર ગીતાબેન હવેલીવાલાએ આક્રોશ ઠાલવતા જણાવ્યું હતું કે, કાયમ હું મતદાન કરું છું, આ વખતે કંઈ રીતે મારુ નામ મતદાર યાદીમાંથી ગાયબ થઈ ગયું એ મને ખબર નથી અને આ અંગે અું આરટીઆઈ કરવાની છું. આ રીતે અનેક લોકોના નામ મતદાર યાદીમાંથી ગાયબ થયાં છે.



લોકસભાની ત્રીજા તબક્કાની ચૂંટણીમાં આજે ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકો પર મતદાન યોજાઈ રહ્યું છે. સુરત શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ બાબુભાઈ રાયકાએ આજે સુમન દેસાઈની વાડી પાસે આવેલી નગર પ્રા.શાળાના મતદાન કેન્દ્રમાં મતદાન કરી મતદારોને ફરજીયાત મતદાન કરવા અપીલ કરી હતી.

વેસુની એક સોસા.ના લોકો મતદાન કરવા સાથે નીકળ્યાં

સુરત

લોકશાહીના પર્વ સમાન ચૂંટણીમાં મતદારોના અનેક રંગ જોવા મળી રહ્યાં છે. વેસુ વિસ્તારમાં આવેલા વાત્સલ્ય બંગલોમાં રહેતા લોકોએ મતદાનને રાષ્ટ્રીય તહેવારની જેમ ઉજવ્યો છે. સોસાયટીમાં રહેતા લોકોએ રાષ્ટ્રીય તહેવારે પહેરતાં સફેદ કપડામાં સજ્જ થઈને જે એચ અંબાણી સ્કૂલ પહોંચ્યાં હતાં. મતદાન મથકે પહોંચતા અગાઉ તમામ યુવક યુવતીઓએ સમૂહમાં પોઝ આપ્યો હતો. પિરામિડ બનાવીને રાષ્ટ્રીય ધ્વજ તિરંગો લહેરાવી મતદાનની અપીલ કરતાં મત આપવા પહોંચ્યાં હતાં. દેશની લોકશાહીને મજબૂત બનાવવાનો સંદેશો આપતાં યુવક યુવતીઓએ જણાવ્યું હતું કે, મતદાન આપણી ફરજ છે અને દેશને મજબૂત બનાવવા આપણો કિંમતી મત ખૂબ જ નિર્ણાયક સાબિત થશે.

હઝરત કાદીરશાહવલી સુરતીના ઉર્ષની ધામધૂમ પૂર્વક ઉજવણી

સુરત

નાનપુરા કાદરશાહની નાળ ખોજા કબ્રસ્તાનમાં આવેલ મશહુર વલી હઝરત કાદીરશાહવલી (ર.અ.) સુરતી જેમના નામથી કાદરશાહની નાળ વિસ્તાર ઓળખાય છે. કોલાપીર બાવા, શેરઅલી બાવા અન્ય મજારો આવેલી છે. કોમી એકતાના માહોલમાં ખૂબ જ ધામધૂમથી ઉર્ષની ઉજવણી કરાઈ હતી. કાદીરશાહવલી ચોક કાદરશાહની નાળમાંથી એક ભવ્ય ચાદર ગીલાફ સાથેનું જૂલુસ નીકળ્યું હતું. બધા કોમના લોકો સાથે જોડાયા હતા. સાંજે ૮.૦૦ કલાકે નીયાઝ (ભંડારો) રાખવામાં આવ્યો હતો. દેશમાં શાંતિ સલામતી અને કોમી એકતા જળવાઈ રહે એવી દુઆ ગુજારવામાં આવી હતી.

હઝરત કાદીરશાહવલી વેલ્ફેર ટ્રસ્ટના પ્રમુખ હાજી વલી મોહંમદ તથા સૈયદ જલાલુદ્દીન તથા સૈયદ કુત્બુદ્દીન તથા સૈયદ ઝફર બાવા તથા ટ્રસ્ટના મેમ્બરો તથા મોહલ્લાવાસીઓ તરફથી આ ઉર્ષની ઉજવણી કરાઈ હતી.

એશિયાકપ વ્હીલચેર ક્રિકેટ ટુર્નામેન્ટમાં લીંબાયતના બે ખેલાડીઓ ભાગ લેશે

સુરતના બન્ને ખેલાડીઓને આર્થિક સહાય આપવામાં આવી

સુરત

The international Lion club of surat limbayat SEZ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવતી એ એશિયા કપ ટુર્નામેન્ટ નેપાળમાં તા.૧ થી ૫ મે ૨૦૧૯માં આયોજિત કરાઈ છે. જેમાં ચાર દેશોના ક્રિકેટ ટીમ ભાગ લીધો છે.

જેમાં પ્રથમ ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ અને નેપાળ રમવામાં આવશે. જેમાં ભારત દ્વારા મોકલવામાં આવતા ખેલાડી પરશુરામ દેવીદાસ દેસલે જે ઓલ રાઉન્ડ ખેલાડી છે અને આસિસ્ટન્ટ કોચ મનીષ ગિરીરાજ શર્મા છે. આ બંને ખેલાડી લીંબાયત સુરતના રહેવાસી છે.

The international Lion club of surat limbayat SEZ દ્વારા ખેલાડીઓને પ્રોત્સાહન આપવામાં આવે છે. સાથે સાથે આ ખેલાડીઓને લીંબાયત ક્લબ દ્વારા આર્થિક સહાય પણ આપવામાં આવેલ છે. જેમાં લાયન ક્લબના સદસ્ય પ્રમુખ ડી.સી.સ્પોર્ટસ અને ચેર પર્સન ઉપસ્થિત રહ્યા હતા. ચેરપર્સન અવિનાશ નાવેટિયા (ડી.સી. સ્પોર્ટસ) લાયન ઝોનના ચેરપર્સન નરેશ પારિક, લાયન સંગીત રાહી, લાયન ડી.સી. ડૉ. રવિન્દ્ર પાટીલ, લાયન પ્રેસિડેન્ટ ડૉ. મંગલા પાટીલ અને લાયન સેક્રેટરી સીમરન કોર ચિમાં (ટ્રસ્ટી રેઈન્બો સ્કૂલ) વગેરે મહાનુભાવોએ ઉપસ્થિત રહીને ટીમના સદસ્યને આર્થિક મદદ આપીને તેમનું મનોબળ વધાર્યું છે.





લોકશાહી મહાપર્વ લોકસભા ચૂંટણી-૨૦૧૯માં આજે મતદાનના દિવસે સવારથી જ મતદારો મતદાન કેન્દ્રો પર ઊમટી પડતા પ્રારંભિક ચાર કલાકમાં સરેરાશ ૨૫ ટકા જેટલું ઊંચુ મતદાન નોંધાયું હતું. સવારે મતદારો એક સાથે જ ઊમટી પડતા તમામ મતદાન કેન્દ્રોમાં મતદારોની લાંબી-લાંબી લાઈનો લાગી ગઈ હોવાનું ઉકત તસવીરોમાં નજરે પડે છે.

જરૂરિયાતો પુરી ન થતા ૩૦૦ આદિવાસી મતદારોનો ચૂંટણી બહિષ્કાર



નવસારી

લોકસભા ચૂંટણી ૨૦૧૯ના ત્રીજા તબક્કાનું મતદાન થઈ રહ્યું છે. ગુજરાતમાં લોકો હોંશેહોંશે મતદાન અધિકારનો ઉપયોગ કરી રહ્યા છે. કેટલીક જગ્યાએ મતદારોમાં આક્રોષ પણ જોવા મળ્યો છે. લોકસભાની નવસારી બેઠકના આસુંદર ગામના આદિવીસીઓએ મતદાનનો બહિષ્કાર કર્યો છે. ગામના આશરે ૩૦૦ મતદારોએ મતદાનથી અળગા રહ્યા હતા. ચોમાસામાં પાણી ભરાવા જેવી સમસ્યાથી ત્રસ્ત છે. લોકોએ આદિવાસી વિસ્તારોમાં કામો ન થતાં હોવાની ફરિયાદ કરી છે.

મળતી માહિતી પ્રમાણે નવસારીના આસુંદર ગામના મોટા હળપતિવાસ, નાના હળપતિવાસ અને ભવાની ફળિયાના લોકોએ મતદાનનો બહિષ્કાર કર્યો છે. ત્રણ ફળિયાના થઈને કુલ ૩૦૦ જેટલા આદિવાસી મતદારોએ મતદાન કરવાથી અળગા રહીને આક્રોષ વ્યક્ત કર્યો હતો. સુત્રોના જણાવ્યા પ્રમાણે આદિવાસી વિસ્તારોમાં કામો થતા નથી અને ચોમાસામાં પાણી ભરાયા જેવી સમસ્યાઓથી લોકો ત્રસ્ત થયા હતા. જેના પગલે આ નિર્ણય કર્યો છે.



લોકશાહી મહાપ્રવમાં મતદાનની ફરજ અધા કરવા વયોવૃદ્ધ અશક્ત મહિલાઓએ પરિવારના સભ્યોની મદદથી મતદાન કરવાની ફરજ અદા કરવા શારીરિક કષ્ટ વેઠીને પણ અન્ય મતદારો માટે પ્રેરણારૂપ મતદાન કર્યું હતું.

ડાંગ જિલ્લાના દિવ્યાંગ મતદારોએ કર્યુ વિશેષ સાધન સુવિધા સાથે મતદાન

દિવ્યાંગ મતદારો માટેના વિશેષ ઓબ્ઝર્વર બી.કે. કુમારે મતદાન મથકોની લીધી જાત મુલાકાત

આહવા

૨૬-વલસાડ (અ.જ.જા.) સંસદિય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૧૭૩-ડાંગ (અ.જ.જા.) વિધાનસભા મતવિસ્તારમાં નોંધાયેલા ૫૮૦ જેટલા દિવ્યાંગ મતદારો માટે ચૂંટણી પંચ દ્વારા કરાયેલી અલાયદી વ્યવસ્થાઓની જાત માહિતી મેળવવા સાથે, તેઓ વધુમાં વધુ સંખ્યામાં મતદાન કરે તે માટેના હાથ ધરાયેલા પ્રયાસોની વિગતો ઓબ્ઝર્વર શ્રી બી.કે.કુમારે મેળવી હતી.

લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ દરમિયાન દક્ષિણ ગુજરાતના સાત જિલ્લાઓ સૂરત, નવસારી, વલસાડ, ડાંગ, તાપી, ભરૂચ અને નર્મદા જિલ્લાના એક્સેસિબિલિટી ઓબ્ઝર્વર શ્રી બી.કે.કુમારે આજે મતદાનના દિવસે તાપી જિલ્લા સહિત ડાંગ જિલ્લાના માછળી, કાલીબેલ, દિવાનટેમ્બ્રુન, ગાઢવી, ચનખલ અને ભીસ્યા સહિત, નવસારી અને સૂરત જિલ્લાના કેટલાક મતદાન મથકોની જાત મુલાકાત લઈ, દિવ્યાંગ મતદારો માટે ચૂંટણી પંચે આપેલી માર્ગદર્શક સૂચનાઓની અમલવારી તથા, મતદારો માટેની વ્યવસ્થાઓની ચકાસણી કરી હતી. ઉલ્લેખનિય છે કે, ડાંગ જિલ્લામાં નોંધાયેલા ૫૮૦ દિવ્યાંગ મતદારો પૈકી પ્રશાસને જિલ્લા ચૂંટણી અધિકારી-વ-કલેક્ટર શ્રી એન.કે.ડામોરના માર્ગદર્શન હેઠળ આહવા તાલુકામાં નાંધાયેલા કુલ ૩૩૫ દિવ્યાંગ મતદારો પૈકી ૯૧ મતદારો માટે વાહન વ્યવસ્થા ઉપલબ્ધ કરાવી હતી. જ્યારે વઘઈ તાલુકામાં નોંધાયેલા ૭૨ મતદારો પૈકી ૧૧ મતદારો માટે, અને સુબિર તાલુકાના ૧૭૩ દિવ્યાંગ મતદારો પૈકી જરૂરિયાતમંદ ૬૯ મતદારો મળી કુલ ૧૭૧ દિવ્યાંગજનો માટે વાહન વ્યવસ્થા ઉપલબ્ધ કરાવી હતી. અ । ઉપરાંત જિલ્લામાં અસ્થિ વિષયક ખામી ધરાવતા ૬૫, અંધજન ૬૫, શ્રવણમંદ ૧૨, મંદબુદ્ધિ ૧૨, અને અન્ય ૧૭ જેટલા મતદારો માટે પણ અલાયદી વ્યવસ્થાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

પહેલા મતદાન બાદમાં માતાનાં અંતિમ સંસ્કાર

સુરત

વેસુ રોડ ખાતે વહેલી સવારે કાપડ વેપારી વયોવૃદ્ધ માતાનું મોત થયુ. જોકે તેમના પરિવારે મતદાન બાદ તેમની વયોવૃદ્ધ માતાનું અગ્નિદાહ કરવાનો નિર્ણય લીધો હોવાનું જાણવા મળે છે. જેથી વારાફરથી પરિવારના ૫૦ સભ્યોએ મતદાન કર્યું હોવાનું જાણવા મળે છે, જ્યારે બીજા બનાવમાં બાઈક પરથી પડી જતા ઈજા પામેલી વૃદ્ધાનું મોડી રાત્રે મોત નીપજયું હતુ. જોકે તેમના પરિવારજનો વૃદ્ધાના અંતિમ સંસ્કાર કર્યા બાદ મતદાન કરવા માટે જવાના હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી મળેલી વિગત મુજબ વેસુ વિસ્તારમાં આવેલા રતન જ્યોતિ એપાર્ટમેન્ટમાં રહેતાં કાપડના વેપારી શ્યામસુંદર અગ્રવાલની માતા સાવિત્રી દેવીનું (ઉ.વ ૯૨) વહેલી સવારે ૪:૩૦ ઉંમરના કારણે કુદરતી રીતે મોત થયું હતું. જેથી તેમના પુત્ર શ્યામસુંદર અગ્રવાલ ઉંમર વર્ષ ૬૦ અને પરિવારે નક્કી કર્યું હતું કે, મતદાન પૂર્ણ થાય બાદમાં પાંચ વાગેમાતાની અંતિમવિધિ કરીશું. સાથે જ પત્ની વીમલા દેવી સાથે શ્યામસુંદર મતદાન કરવા સજોડે પહોંચ્યાં હતાં. બાદમાં વારાફરતી પરિવારના ૫૦ જેટલા સભ્યો મતદાન કરવા માટે જશે. માતાની આંખોનું દાન લોક દ્રષ્ટિ ચક્ષુ બેંકમાં કરવામાં આવ્યું હતું.

ચૂંટણીમાં ૯૫ જેટલા ઈવીએમ તથા વીવીપેટ બદલવા પડયા

સુરત

લોકસભાની ચૂંટણીમાં ૯૫ જેટલા ઈવીએમ તથા વીવીપેટ બદલવા પડયા હતા. સુરત લોકસભાની ચૂંટણીમાં ટેક્નિકલ ખામીના પગલે મોકપોલ પેહલા તથા મોકપોલ દરિમયાન ૨૫ કંટ્રોલ યુનિટ ૨૨ બેલેટ યુનિટ તેમજ ૪૮ વિવિપેટ બદલવા પડયા હતા. આ કારણે મતદાનની કામગીરી થોડો સમય અટકી હતી. આ અંગે વધુ માહિતી આપતા સુરત જિલ્લા કલેક્ટર ડોક્ટર ધવલ પટેલ માહિતી આપી હતી કે આ લોકસભાની ચૂંટણીમાં કુલ ૨૫ કંટ્રોલ યુનિટ ૨૨ બેલેટ યુનિટ ૪૮ વીવીપેટ બદલવા પડયા હતા. તમામ ટેકનીકલ ખામીને કારણે જ બદલામાં આવ્યા હતા. ખાસ કરીને મોકપોલ વખતે જ ૧૮ બી યુ અને ૨૦ કંટ્રોલ યુનિટ તેમજ ૨૭ વીવીપેટ બદલવા પડયા હતા. મતદાન દરમિયાન માત્ર ૪ બેલેટ યુનિટ અને ચાર કંટ્રોલ યુનિટ અને ૨૧ વીવીપેટ બદલો પડયા હતા. આ કામગીરીને કારણે મતદાનમાં કોઈ ફરક પડયો ન હોતો. મતદાનની કામગીરી સરળતાથી અને શાંતિપૂર્વક ચાલી.

નવસારી અને વલસાડ બેઠક પર ઈવીએમ ખોટકાવાની ફરિયાદ

ટેક્નિકલ ખામીના કારણે મતદાનની પ્રક્રિયામાં વિલંબ

નવસારી

ગુજરાતની ૨૬ બેઠકો પર આજે મતદાનની પ્રક્રિયા દરમિયાન નવસારી, વલસાડમાં ઈવીએમ ખોટકાયું હતું. જેના કારણે સવારથી લાંબી કતારોમાં ઉભેલા લોકોને સમસ્યાનો સામનો કરવો પડ્યો. વહેલી સવારથી જ મતદાન માટે લોકોની ઠેર ઠેર લાઈનો લાગી હતી. ચૂંટણીઓમાં હવે મહિલાઓ મોટી સંખ્યામાં મતદાન કરવા લાગી છે. કેટલાય વિસ્તારમાં મતદાન કરનારી મહિલાઓની સંખ્યા પુરુષોને પણ આંબી ગઈ છે. આ વચ્ચે મતદાનની પ્રક્રિયા દરમિયાન નવસારી, વલસાડમાં ઈવીએમ ખોટકાયું હતું. જેના કારણે સવારથી લાંબી કતારોમાં ઉભેલા લોકોને સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો. ટેક્નિકલ ખામીના સર્જાવાના કારણે બુથના લોકોએ પણ તાત્કાલિક ધોરણે ઈવીએમ બદલવાની પ્રક્રિયા શરુ કરી દીધી હતી. આ વચ્ચે લોકોને પણ પોતાનો કિંમતી મત આપવામાં વિલંબનો સામનો કરવો પડ્યો હતો. વાત કરીએ વલસાડની તો ધરમપુરના નાની વહિયાળ ગામે ઈવીએમ ખોટકાયુ હતુ. બુથ નંબર ૩માં ઈવીએમ મશિનમાં ખામી સર્જાતા ઝોનલ અધિકારીએ મુલાકાત લીધી હતી.

બારડોલી હિદાયતનગરના વરલી મટકાના અડ્ડા પર પોલીસ ત્રાટકી

પોલીસે ત્રણ જુગારીઓ ઝડપી પાડ્યા

સુરત

બારડોલી ટાઉન હિદાયતનગરના ખુલ્લા મેદાનમાંથી વરલી મટકાના જુગાર રમતા ત્રણ જુગારીઓની ધરપકડ કરી કુલ ૪૩૯૦૦નો મુદ્દામાલ કબજે કરી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર બારડોલી હિદાયત નગર ખાતે હારૂનભાઈ મંસુર, સંજય નગર ખાતે લીમ્બાભાઈ પવાર તથા બાબેન ગામ ખાતે પ્રવિણભાઈ પાડવી રહે છે. ગત બપોરે ત્રણેક વાગ્યાના સુમારે તેઓ બારડોલી ટાઉન હિદાયતનગર ખાતે મુંબઈથી નિકળતા વરલી મટકાના મિલન બજાર તથા ટાઈમ બજારના અંકો પર નાણા લઈને હારજીતનો જુગાર રમાડતા હતા. પોલીસે દરોડા પાડી જુગારના સાધનો, સાહિત્ય, બોલપેન, રોકડા ૪૨૯૦૦, બે નંગ મોબાઈલ મળી કુલ ૪૩૯૦૦નો મુદ્દામાલ કબજે કરી ત્રણેય આરોપીઓ સામે જુગારધારાની કલમ ૧૨ (અ) મુજબનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



સુરત શહેરમાં વિવિધ જૈન સંઘો દ્વારા મોટી માત્રામાં સવારથી જ મતદાન પ્રક્રિયા આરંભી દેવામાં આવી હતી.



લોકશાહીના ચૂંટણી પર્વને ઉજવવા લોકોએ ભારે ઉત્સાહ દાખવ્યો હતો અને વિવિધ ગ્રુપો દ્વારા મતદારોને પ્રેરિત કરવા નવી નવી તરકીબો અજમાવી હતી. એક મહિલા ગ્રુપે મતદાન અંગે ડ્રેસ કોડમાં સજ્જ થઈને મતદાન કર્યા બાદ ફોટોગ્રાફરોને પોઝ પણ આપ્યા હતા.

લોકસભા ચૂંટણીમાં નર્મદા જિલ્લાના ૩૧૪ ગામના લોકોનો ચૂંટણી બહિષ્કાર થતા તંત્રમાં ચિંતાનું મોજું ફરી વળ્યું





લોકસભા ચૂંટણીના દિવસેજ ૩૧૪ ગામોના આગેવાનો કલેકટર કચેરી બહાર ધરણા પર બેસી વિરોધ કરતા ભારે હંગામો છેલ્લા છ મહિનાથી વારંવાર રજુઆત કરવા છતાં આ તમામ ગામોને પોતાને સ્વતંત્ર ગ્રામપંચાય ન અપાતા બહિષ્કાર

રાજપીપળા : નર્મદા જિલ્લામાં લોકસભાની ચૂંટણીના દિવસેજ કેટલાક ગામોના લોકોએ પોતાની માંગ ન સ્વીકારનાર સરકાર સામે બાંયો ચઢાવી હતી જેમાં ચૂંટણી બહિારનું શસ્ત્રા ઉગામતા તંત્ર હરકતમાં આવ્યું હતું સાથે રાજપીપળા કલેક્ટર કચેરી બહાર ૩૧૪ જેવા ગામના આગેવાનો ધરણા પર બેસી જતા તંત્રની સાથે સરકારમાં પણ ભારે ચહલ પહલ થઈ હતી .

છેલ્લા છ મહિના થી નર્મદા જિલ્લાના ૩૧૪ ગામના લોકો અલગ ગ્રામપંચાયતનો દરજ્જો મેળવવા રજુઆત કરા આવ્યા હતા છં આ ગામોના આગેવાનોની વાત ઉપર સરકારે કોઈ ધ્યાન ન આપતા લોકસભા ચૂંટણીનો બહિષ્કાર કરી આ તમામ ગામોના આગેવાનો રાજપીપળા કલેક્ટર કચેરી બહાર ધરણા પર બેસી સુત્રોચાર કરતા તંત્રની ઊંઘ હરામ થઈ ગઈ હતી .

આ બાબતે આમુ સંઘટન નર્મદાના પ્રમુખ મહેશભાઈ એસ વસાવા એ સરકાર પર રોષ ઠાલવતા જણાવ્યું કે ભારતના બંધારણમાં કોઈ જગ્યા એ ગ્રુપ ગ્રામ પંચાયની જોગવાઈ નથી છતાં સરકાર અન્યાય કરી રહી છે વાત કરીએ નાંદોદ તાલુકાના માંગુ ગામની તો ત્યાં માત્ર ૨૦૦ લોકોની વસ્તી હશે તેને અલગ ગ્રામપંચાયતનો દરજ્જો અપાયો છે તેમજ નજીકમાં જ અડધો કિમિના અંતરે આવેલા ગમોડને પણ આ લાભ મળ્યો છે જયારે અન્ય ગામોને બે કિમિ ના અંતર માં અલગ ગ્રામપંચાયત ન મળે તેવો કાયદો સરકાર બતાવી અન્યાય કેમ કરે છે...? ખોટા કાયદા બતાવી સરકાર ભારતના બંધારણ અને પંચાયત ધારાનું અપમાન કરી ગુજરાત સરકાર ખોટા પરિપત્રા બનાવી અલગ ગ્રામપંચાયત આપતા નથી માટે આજે લોકસભા ચૂંટણીના દિવસેજ નર્મદા જિલ્લાના ૩૧૪ ગામોના આગેવાનો કલેક્ટર કચેરી બહાર ધરણા સાથે વિરોધ કરી આજની આ ચૂંટણીનો અમે બહિષ્કાર કર્યો છે સાથે આ તમામ ગામોમાં અન્ય ગ્રામજનો પણ બહિષ્કારમાં જોડાયા છે કોઈએ મતદાન કર્યું નથી .

દક્ષિણ ગુજરાતની સુરત, બારડોલી, નવસારી અને વલસાડ બેઠક પર શાંતિ મતદાન



ગરમીના કારણે સવારેજ એક સાથે મતદાન કરવા મતદારો ઊમટી પડયા

સુરત

દક્ષિણ ગુજરાતની સુરત, બારડોલી, નવસારી, વલસાડ લોકસભા બેઠક ઉપર આજે સવારે સાત વાગ્યાથી શાંતિપૂર્ણ માહોલમાં મતદાન શરૂ થયું હતું. મતદાતાઓએ ગરમીના પ્રકોપને ધ્યાનમાં રાખીને આજે વહેલી સવારથી મતદાન મથકો ઉપર લાંબી લાઈન લગાવી દીધી હતી. લોકસભાની ચૂંટણીના ત્રીજા તબક્કાનું આજે મતદાન થઈ રહ્યું છે. દક્ષિણ ગુજરાતની તમામ બેઠકોનું ભાવિ આજે ઈવીએમ મશીનમાં કેદ થઈ જશે.

૨૪- સુરત સંસદીય મતદાર વિભાગમાં સમાવિષ્ટ સાત વિધાનસભા મતક્ષેત્રના કુલ ૧૬,૫૫,૬૫૮ મતદારો આજે પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. જયારે બારડોલી સંસદીયડ મત વિસ્તારમાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા ક્ષેત્રના કુલ ૧૩,૫૧,૪૯૩ મતદાતાઓ પોતાનો મત આપશે તેમજ નવસારી સંસદીય મત વિસ્તારમાં સમાવિષ્ટ ત્રણ વિધાનસભા ક્ષેત્રના ૧૨,૩૪,૬૦૦ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. વલસાડ સંસદીય મતક્ષેત્રના કુલ ૧૬,૭૦,૮૬૪ મતદારો મતદાન કરશે.

દક્ષિણ ગુજરાતની સુરત, નવસારી, બારડોલી, વલસાડ સંસદીય બેઠક ક્ષેત્રના તમામ વિસ્તારો, મતદાન મથકો સહિતના વિસ્તારોમાં લોખંડી બંદોબસ્ત તૈનાત છે.

આજે સવારે સાત વાગ્યાથી મતદાન શરૂ થયું હતું. સાંજે ૬:૦૦ વાગ્યા સુધીમાં મતદાન થશે. આજે ૬:૦૦ વાગે આ તમામ બેઠકોની ભાજપ-કોંગ્રેસ સહિતના ઉમેદવારોનું ભાવિ ઈવીએમ મશીનમાં સીલ થઈ જશે. ભાજપ-કોંગ્રેસ સહિતના આગેવાનોએ આજે વહેલાસર પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

સુરત નવસારી લોકસભા બેઠકના મતક્ષેત્રમાં ભાજપના પ્રમુખ નીતિન ભજિયાવાળા, કોંગ્રેસ પ્રમુખ બાબુભાઈ રાયકા, ભાજપના ધારાસભ્ય કુમાર કાનાણી, અરવિંદ રાણા, હર્ષ સંઘવી, ભાજપના ઉમેદવાર સી.આર. પાટિલ, દર્શના જરદોશ, કોંગ્રેસના ઉમેદવાર અશોક પટેલ, ધર્મેશ પટેલ સહિતના ભાજપ-કોંગ્રેસના આગેવાનો પોત - પોતાના મતદાન મથકે પહોંચી જઈ મતાધિકારનો ઉપયોગ કરી પોતાના પાના વિજયીનો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

નર્મદા જિલ્લામાં મતદાન શાંતિપૂર્ણ સંપન્ન





મનસુખ વસાવા



નાંદોદ ધારાસભ્ય પી. ડી. વસાવા

નાંદોદમાં અંદાજે ૭૬ ટકા અને દેડીયાપાડામાં અંદાજે ૮૪ ટકા સાથે નર્મદા જિલ્લામાં સરેરાશ ૮૦ ટકા મતદાનનો પ્રાથમિક અંદાજ શાંતિપૂર્ણ મહત્તમ-વિક્રમી મતદાન બદલ મતદાતાઓ-જિલ્લાવાસીઓ પ્રત્યે જાહેર આભારની લાગણી વ્યક્ત કરતું જિલ્લા ચૂંટણીતંત્ર

રાજપીપળા

નર્મદા જિલ્લામાં આજે યોજાયેલી લોકસભા સામાન્ય ચૂંટણીઓનાં ભાગરૂપે લોકશાહીનાં આ મહાપર્વમાં નાંદોદ અને દેડીયાપાડા વિધાનસભા મત વિસ્તારમાં યોજાયેલું મતદાન કોઈપણ અનિચ્છનીય ઘટના વિના શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયું હોવાનાં અહેવાલ જિલ્લા



નર્મદા કલેક્ટર અને ચૂંટણી અધિકારી

ટકા જેટલાં વિક્રમી મતદાન સાથે નર્મદા જિલ્લાનું એકંદરે સરેરાશ ૮૦ ટકા મતદાન નોંધાયું હોવાનો પ્રાથમિક અંદાજ છે. આજે નર્મદા જિલ્લામાં યોજાયેલા શાંતિપૂર્ણ મતદાનની સાથોસાથ સમગ્ર રાજ્યમાં નર્મદા જિલ્લો વોટર્સ-ટર્ન-આઉટ રેશિયોમાં એટલે કે મતદાનની ટકાવારીમાં ગત લોકસભાની ચૂંટણીની જેમ આ વખતે પણ જિલ્લો અગ્રેસર રહેશે તેવો આશાવાદ વ્યક્ત કરી જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી આઈ.કે. પટેલે જિલ્લામાં થયેલાં શાંતિપૂર્ણ અને વિક્રમી મતદાન બદલ જિલ્લાના સૌ મતદાર ભાઈ-બહેનો સહિત તમામ જિલ્લાવાસીઓને અભિનંદન પાઠવી જિલ્લા ચૂંટણીતંત્ર તરફથી જાહેર આભારની લાગણી વ્યક્ત કરાઈ છે.

ચૂંટણી અધિકારીશ્રી અને જિલ્લા કલેક્ટર આઈ.કે. પટેલ તરફથી પ્રાપ્ત થયાં છે. નર્મદા જિલ્લામાં આજે છોટાઉદેપુર સંસદીય બેઠકની ચૂંટણી માટેનાં નાંદોદ વિધાનસભા મતવિસ્તારમાં અંદાજે ૭૬ ટકા અને ભરૂચ સંસદીય મતવિસ્તારની બેઠકની ચૂંટણી માટેના દેડીયાપાડા વિધાનસભા મતવિસ્તારમાં અંદાજે ૮૪

બોલીવુડના મ્યુઝીક ડાયરેકટર મુંબઈથી રાજપીપળા મતદાન કરવા આવ્યા



રાજપીપળાની ગલીમાં રખડતા રખડતા સંગીતની તાલીમ લઈ બોલીવુડમાં સફળ મ્યુઝિક ડાયરેકટર બનેલા શિવરામ પરમાર ૨૩મીએ પોતાના વ્યસ્ત કાર્યક્રમો છોડી રાજપીપળા ખાતે મતદાન કરવા આવી પહોંચ્યા હતા.એમને પોતાની માતા,ભાઈ સહિત પરિવારના સભ્યઈ સાથે મતદાનની ફરજ નિભાવી હતી.આ બાબતે શિવરામ પરમારનું કહેવું છે કે છેલ્લા બે વર્ષથી હું ખૂબ મુસાફરી કરું છું.સમજુ છું કે પરિવર્તન જો મૂળ પાયામાંથી થાય તો સમગ્ર અર્થવ્યવસ્થા ઉપર લાવી શકાય.માત્ર સારા રસ્તાઓ બને એ જ પૂરતું નથી.માનવીમાં રાષ્ટ્રીયતાની,જવાબદારી અને સલામતીની ભાવના ઉત્પન્ન થવી જોઈએ.એ ભારતના વિકાસનો મૂળભૂત પાયો છે.એક ભારતીય હોવાનું મને ગર્વ છે.

MARKET 4U™
સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે
MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)
7575006847 Whats-App
7575006848 Time 10 am
7575006850 to 5 pm

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

MARKET 4U™
આપની જાહેરાત (Advertisement) અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી
સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી
ગીફ્ટમાં મેળવો વાહન ટ્રેકિંગ સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)
ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફ્રી કરી અટળક કમાઓ.
ધનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો
Mo. 7575006847